# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

1. લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી અને રાજ્યસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીમાં 2 હજાર 200 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે**
3. **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે ભારત અને યુરોપિયન સંઘના 27 સભ્ય દેશ પર ઊંચા વેરા લગાવવાના કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા.**
4. **રશિયાએ યુક્રેનની રાજધાની પર મિસાઈલ અને ડ્રૉનથી ભીષણ હુમલો કરતા 16ના મોત.**
5. **મકાઉ ઓપન બૅડમિન્ટનમાં પુરુષ ડબલ્સમાં ભારતની જોડી આજે મલેશિયા સામે રમશે.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS RS ADJOURN

લોકસભાની કાર્યવાહી આજે વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના સભ્યોના હોબાળા વચ્ચે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. સવારે 11 વાગ્યે જ્યારે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ તો લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિરોધ પક્ષના સભ્યોએ બિહારમાં વિશેષ સઘન સમીક્ષા અભિયાનને પરત લેવા સહિતના મુદ્દાઓ પર સૂત્રોચ્ચાર શરૂ કરી દીધો.

(બાઇટ – ઓમ બિરલા, અધ્યક્ષ)

વિરોધ પક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી પણ બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. ત્યારબાદ ફરી કાર્યવાહી શરૂ થતાં ઉપસભાપતિ ઘનશ્યામ તિવારીએ રાજ્યસભાની કાર્યવાહી સોમવાર ચાર ઑગસ્ટના સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

**(BYTE: GHANSHYAM TIWARI)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM KISAN INSTALMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તરપ્રદેશના વારાણસીના પ્રવાસે જશે. દરમિયાન તેઓ અંદાજે 2 હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે અનેક વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી નવ કરોડ 70 લાખથી વધુ ખેડૂતોને 20 હજાર 500 કરોડ રૂપિયાથી વધુની રકમના પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 20મો હપ્તો પણ જાહેર કરશે.

**(V/C- OM AWASTHI)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-15 AUG SPEECH IDEAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના તેમના ભાષણ માટે તમામ નાગરિકોને તેમના વિચારોનું યોગદાન આપવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ નાગરિકોને **MyGov** અને **NaMo App** પર ખુલ્લા મંચ પર તેમના વિચારો શેર કરવા વિનંતી કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**PRESIDENT-MURU**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઝારખંડની તેમની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ -ધનબાદ ના 45મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

રાષ્ટ્રપતિ સંસ્થામાં સ્થાપિત અટલ ઇનોવેશન સેન્ટર ખાતે કોમ્યુનિટી ઇનોવેશન પર આદિવાસી મહિલાઓ દ્વારા લગાવવામાં આવેલા પ્રદર્શનને નિહાળશે. તેઓ દીક્ષાંત સમારોહમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ પી કે મિશ્રાને ડીએસસી ડિગ્રીથી સન્માનિત કરશે અને 20 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો પણ એનાયત કરશે.તેઓ ટેકનિકલ સંસ્થાના શતાબ્દી વર્ષના સમારોહની ઉજવણી માટે એક સ્ટેમ્પ બહાર પાડશે.

આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ઝારખંડના ઉચ્ચ શિક્ષણ મંત્રી સુદિવ્ય કુમાર પણ હાજર રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RS AMRIT BHARAT

દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કુલ એક હજાર 337 રેલવે મથકો વિકસાવાશે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ 2025-26 માટે 12 હજાર 118 કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું, જેમાંથી જૂન 2025 સુધીમાં 2

હજાર 612 કરોડનો ખર્ચ કરાયો છે. રાજ્યસભામાં સાંસદ નરહરી અમીનના પ્રશ્નનો જવાબ આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યુ કે ગુજરાતમાં 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવાશે. તે માટે નાણાકીય વર્ષ 2025-26 માટે એક હજાર 843 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી જૂન 2025 સુધીમાં 433 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. અત્યાર સુધીમાં, ડાકોર, ડેરોલ, હાપા, જામ જોધપુર, જામ વંથલી સહિત 18 મથકોના પહેલા તબક્કાના કામો પૂર્ણ કરાયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHAH-TILAK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લોકમાન્ય બાલ ગંગાધર તિલકને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી શાહે જણાવ્યું કે શ્રી તિલકે સ્વરાજને એક જન આંદોલનમાં પરિવર્તિત કર્યો, સ્વદેશીને જનચેતનાનો વિષય બનાવ્યો અને સંસ્કૃતિને રાષ્ટ્રીય ગૌરવના સ્રોત તરીકે ઉન્નત કરી. તેમણે જણાવ્યું કે તિલકએ ગણેશ ઉત્સવ અને છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ જેવા ઉજવણીઓ દ્વારા સામાજિક એકતાને પ્રોત્સાહન આપ્યું.

શ્રી શાહે અસ્પૃશ્યતા સામેની લડાઈમાં તિલકની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી અને તેમને ભારતના લોકો માટે પ્રેરણાના કાયમી સ્ત્રોત તરીકે વર્ણવ્યા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

## TRUMP TARRIFF UPDATE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે ભારત અને યુરોપિયન સંઘના 27 સભ્ય દેશ પર ઊંચા વેરા લગાવવાના કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. "પરસ્પર વેરા દરમાં વધુ સુધારા" નામના આ આદેશ સાત ઑગસ્ટથી અમલમાં આવશે. તેનાથી વેરાના દર **41** ટકા સુધી વધી જશે.

# (V/C- MUKESH BAL)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# STOCK MARKET

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના વેરાની જાહેરાત વચ્ચે આજે બપોરે સ્થાનિક શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે વેપાર કરી રહ્યો હતો. સેન્સેક્સ 227 પોઈન્ટ ગગડીને 80 હજાર 959 પર અને નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી 84 પોઈન્ટના ઘટાડા સાથે 24 હજાર 684 પર વેપાર કરી રહ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BANGLADESH TARRIFF

અમેરિકાએ વૉશિંગ્ટનમાં અંતિમ તબક્કાના ઊંડાણપૂર્વકના સંવાદ બાદ બાંગ્લાદેશની આયાત વસ્તુઓ પર વેરાનો દર ઘટાડીને 20 ટકા કરી દીધો છે, જે આ અગાઉના દરથી 35 ટકા ઓછો છે. બાંગ્લાદેશ સંઘવાદ સંસ્થાના અહેવાલ મુજબ, ગઈકાલે રાત્રે વ્હાઈટ હાઉસ દ્વારા આ જાહેરાત કરવામાં આવી. બાંગ્લાદેશના અધિકારીઓ અને અમેરિકાની વેપાર નીતિની દેખરેખ માટે જવાબદાર મુખ્ય એકમ, સંયુક્ત રાજ્ય વેપાર પ્રતિનિધિ કચેરી વચ્ચે થયેલા સંવાદ બાદ આ જાહેરાત કરવામાં આવી.

નિષ્ણાતોનું માનવું છે કે, ઓછા વેરાથી અમેરિકાને ખાસ કરીને કાપડ ક્ષેત્રમાં બાંગ્લાદેશથી નિકાસ વધવાની શક્યતા છે. અહેવાલ મુજબ, આ પગલું ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ચીન, વિએતનામ અને અન્ય પ્રતિસ્પર્ધી નિકાસકારો પર કડક વેરા લગાવ્યા બાદ લેવાયું છે, જેનાથી બાંગ્લાદેશને અમેરિકી બજારમાં મજબૂત પકડ મળી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RUSSIA UKRAINE

રશિયાએ ગઈકાલે યુક્રેનની રાજધાની કિવ પર મિસાઈલ અને ડ્રોનથી ભીષણ હુમલો કરતા 16 લોકો માર્યા ગયા હતા, જ્યારે 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે.

રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું, બચાવ કાર્ય ચાલી રહ્યું છે અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. યુક્રેનની રાહત અને બચાવ સેવાએ જણાવ્યું, એક હજાર 200થી વધુ પોલીસ અને કટોકટી કાર્યકર રાહત કાર્યમાં જોડાયા છે.

રશિયાએ જણાવ્યું, યુક્રેનના સૈન્ય ઠેકાણા અને સંરક્ષણ સંસ્થાઓને નિશાન બનાવવામાં આવ્યા છે, જ્યારે નાગરિકો પર હુમલો કર્યાનો રશિયાએ ઈનકાર કર્યો છે. તો કિવમાં આજે એક દિવસનો શોક પાળવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ECI - SIR

ચૂંટણી પંચ દ્વારા આજે બિહારમાં ખાસ સઘન સુધારા પહેલ હેઠળ મતદાર યાદીનો મુસદ્દો પ્રસારિત કરાશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે ડ્રાફ્ટ યાદીના ભૌતિક અને ડિજિટલ બંને ફોર્મેટ તમામ 38 જિલ્લાઓમાં માન્ય રાજકીય

પક્ષોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નિષ્પક્ષ અને સમાવેશી ચૂંટણીઓને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SPORTS ROUND UP

હવે કેટલાક સમાચાર રમતગમત ક્ષેત્રના,

મકાઉ ઑપન બેડમિન્ટનમાં ભારતીય ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન યથાવત્ છે. લક્ષ્ય સન તરુણ મન્નેપલ્લી તરુણ પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે. તો પુરુષ ડબલ્સમાં ભારતના ટોચની ક્રમાંકિત જોડી સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી આજે ક્વાર્ટર ફાઈનલમાં મલેશિયાના ચૂંગ હૉન જિયાન અને મોહમ્મદ હાઈકલની જોડી સામે રમશે.

પાંચ મેચની ઍન્ડરસન-તેંડુલકર ક્રિકેટ ટૅસ્ટ સિરીઝમાં ઇંગ્લૅન્ડ સાથે પાંચમી અને અંતિમ ટૅસ્ટ મૅચના પહેલા દિવસે ગઈકાલે ભારતે છ વિકેટે 204 રન બનાવ્યા. લંડનના કૅનિન્ગટન ઑવલમાં રમાયેલી મૅચમાં કરુણ નાયરે 52 રન બનાવ્યા. ઇંગ્લૅન્ડના ગસ એટકિન્સન અને જોશ ટંગે બે-બે વિકેટ ઝડપી. આજે સાંઈ સુદર્શન પોતાના 38 રન અને વૉશિંગ્ટન સુંદર 19 રન સાથે આગળ રમવાનું શરૂ કરશે. ગઈકાલે ઇંગ્લૅન્ડે ટૉસ

જીતીને બૉલિંગનો નિર્ણય કર્યો હતો. ઇંગ્લૅન્ડ આ શ્રેણીમાં બે–એકથી આગળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .